## 'મળેલાજીવ':નીપજી આવેલી નવલકથા

**ડૉ.શિવરામ શ્રીમાળી**
**મહિલા કોલેજ ઊંઝા**
**મો:૯૮૨૫૮૧૪૩૪૫**

સત્વશીલ સાહિત્ય સ્વભાવતઃ મહાકૂટ અને રહસ્યમય સર્જકકર્મ હોય છે. એવી સર્જકતા દૈવી દેનનું પરિણામ જેવું જ હોય છે. આવી સાહજિક અને નીપજી આવેલી સર્જક કૃતિઓમાં પ્રતિભાની સાથે પરમતત્વની પવિત્રતાનો પ્રચ્છન્ન પમરાટ અવશ્ય પડેલો હોય જ. એવા પ્રતિભાશાળી સર્જકને એની સર્ગશકિત જ દોરે અને રાહ ચીંધે છે. એવી સર્જકતા માટે આકે તે ગણતરીઓ કે અવધારણાઓનું માપ ટૂકું જ પડવાનું ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ સર્જક એવા પન્નાલાલ પટેલ તો હોડોહાડ પ્રતિભાશાળી સર્જક હોઈ, માંડ અંગ્રેજી ચાર ચોપડી ભણેલા આ સર્જક પાસેથી 'વળામણા'૧૯૪૦ 'મળેલાજીવ'૧૯૪૧ અને 'માનવીની ભવાઈ '૧૯૪૭ જેવી સર્જકતાની સુવાસ પાથરનારી અને નિપજી આવેલી નવલકથાઓ મળવી એ સુખદ આશ્ચર્ય પમાડનારી ઘટના જ કહેવાય.એમાં 'મળેલાજીવ' તો લેખક પન્નાલાલની હાથથી ઓછી અને હૈયામાંથી વધુ નિપજી આવેલી નવલકથા છે. એ નવલકથા વિશેની લેખકની પોતાના અલપઝલપ કેફિયત એવી મળે છે. કે,'મળેલાજીવ' નવલકથાના બાવીશ પ્રકરણ,બાવીશ દિવસના સમયાંતરમાં જ લખ્યા છે.૧ પરંતુ આ નવલકથાના પ્રથમ પ્રકરણ 'પ્રથમ સંગાથ'થી અંતિમ પ્રકરણ 'મળેલાજીવ' સુધીમાં માનવજીવનની,માનવસંબંધની,પ્રેમસંબંધની તથા એક ચૌકક્સ મુલકની અખિલ આકૃતિ સાહજિક રીતે સિદ્ધ થઈ જાય છે.પન્નાલાલે આ બાવીસ પ્રકરણોમાં જિંદગીની બત્રીસરંગી સૃષ્ટિના દર્શન કરાવ્યા છે.એમાં એમણે ધ્યાનમાં રાખ્યા વિના બધું જ સાહજિક અને અકૃત્રિમ રીતે નિપજી આવતું હોય એવી રીતે જીવન વહેતું મુકય છે.

આ નવલકથાનું સામાન્ય છતાં અસામાન્ય એવું કથાનક એની આર્કષકતાનું પ્રથમ સોપાન લેખાવી શકાય. "કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીનો મેળો ભરાયો હતો." પા.નં-૨૩ એ'પ્રથમ સંગાથ' નામના પ્રથમ પ્રકરણનું જ પ્રથમ વાક્ય જ ભાવકને ઉત્તર ગુજરાતના ઈશાનિયા –પ્રદેશની ભૂમિમાં આરોપિત કરી દે છે. પછી વળી અકૃત્રિમ ભાષાથી ભાવક પર ભૂરકી છાંટતાં હોય તેમ .. "યુવાની વસ્તુ જ ઘેલી છે. અને એમાંય આ તો મેળે આવેલી ?" પા.નં-૨૩ એમ કહીને ભાવકચિત્તમાં ભુમિકા તૈયાર કરી આપે છે. જે ભુમિકા ઉપર ચગડોળમાં બેસવા પડાપડી કરતા યુવક-યુવતીઓની ધીંગામસ્તીના દર્શન કરાવે છે. અને ત્યારબાદ લેખક અને ભાવકને જેની સાથે સાદ્યત નિસબત રહેવાની છે. એવા કાનજી-જીવી ને ચગડોળની એક જ પાલખીમાં બેસતા બતાવી ચગડોળને જ નહીં ભાવક હૈયાને પણ ચગડોળે ચઢાવે છે.લેખકે અહીં ચગડોળને મૂકીને બહુ મોટી કલાસિદ્ધિ હાંસલ કરી છે.

કાનજી-જીવીના ચગડોળની પાલખીના સાત ફેરા એમના સાતે ભવની ગુપ્ત ગણતરીમાં પરિવર્તિત થાય છે.કાનજીના પાવાની વાણીમાં કહીએ તો-"ફાગણના વાયરે આબંને જોબનિયા મળ્યા છે. પરંતુ આ કૃતિના બીજા પ્રકરણ 'અણજાણી અસર" થી જ કાનજી માટે તો જાણે "વૈશાખી વાયરા" ની શરૂઆત થઈ જાય છે. 'મોહપાશમાં' પ્રકરણમાં કાનજીને જીવતરની વાસ્તવિકભૂમિની કાંટાળી કેડીના દર્શન થઈ જાય છે. માનવજાતનો ઈતિહાસ કહે છે. કે, માણસ પોતાના વિચારો અને વર્તનનો તાળો મેળવી શકતો નથી ત્યારે ચિંતકની અદા અપનાવી લે છે. એવું જ કાનજી બાબતે પણ થાય છે. પટેલ કાનજી,વાળંદ જ્ઞાતિની જીવને વરી શકતો નથી. ત્યારે કાનજીનું મન ચિંતનના ચગડોળે ચડે છે. " અરે ભૂંડા નાત નહીં જાત નહીં ને ક્યાં જતો જીવ લગાવ્યો છે.?" પા.નં-૪૪

પણ આ તો માણસનું મન-સમાધાન શોધી જ લે. 'માયાના વમળમાં' ફસાયેલો કાનજી જેટલી ગૂંચો ઉકેલવા મથે છે, તેટલો અંદર ખૂંપતો જાય છે. મિ તરીકે હીરા અને રાહબર તરીકે ભગત એને ઉગારવા મથે છે,છતાં, કેટલીક ગૂંચો એ વી હોય જે વ્યકિતએ પોતે જ ઉકેલવી પડે છે. 'મથામણ' પ્રકરણમાં કાનજી વ્યવહારુ નિર્ણય કરતાં "ગામમાં રહે તાસે નજર સામે તો ખરી '' પા.નં-૬૦ ગામના જ વાળંદ ધૂળિયા માટે જીવીને ઉપાડી લાવે છે. બેઠી દડીનો ધૂળિયો સ્વભાવે પણ શંકાશીલ અને માલિકીભાવથી પિડાતો આદમી છે. વળી પેલો રેશમો જેના ધોળામાં ધૂળ પડયું છે. એવા ધૂળા આ રાંડ કાં મને થોડી પૈણી છે.? બળતામાં ઘી હોમતી રેશમાની ચઢામણીને યાદ કરે છે. એ તો પેલા છોગાળાને જ... પા.નં-૧૧૧ પછી તો ધૂળાનું પોત પ્રકાશે છે. ઝગડો, ગાળ ,કંકાસ મારઝૂડ,ધાક-ધમકી આ બધું ધૂળો જીવી ઉપર વરસાવે છે. કાનજી પણ હવે 'પરને સોંપી'ને પસ્તાય છે. કાનજીને પણ ભોજાની વેદના પોતાની લાગવા માંડે છે.

એક બાજુ કાનજીને ભગતની સલાહ "લાવ્યાપણુ રાખજે''પણ હૈયે છે. તા બીજી બાજુ પોતાની ગામમાં હાજરી હોવાને કારણે જ ધૂળો જીવી ઉપર શંકા અને મારઝૂડ કરે છે. પરિણામે કાનજી ગામ છોડે છે. વચ્ચે લેખક "પારખાં' પ્રકરણમાં ગ્રામજીવનની શ્રદ્ધા-અંધશ્રદ્ધા અને માન્યતા ઓનું પરિમાણ પણ આપી દે છે. જોકે આ બધું જાણે લેખકે ભાવકને જીવી-કાનજીની વ્યથાના ભારમાંથી થોડી મુકિત અપાવવા માટે જ કર્યુ છે. બાકી એમની કલમનુ લક્ષ્ય તો કાનજી-જીવી સંબંધ ઉપર જ રહયું છે. વિધિની વક્રતા પણ કેવી કે જીવતરથી કંટાઘેલી જીવી ઝેરી રોટલો પોતાના માટે બનાવે છે,પરંતુ એ રોટલો ભૂલથી ધૂળો ખાઈ જાય છે. અને મૃત્યુ પામે છે. અહીં લેખક ફરી એકવાર ગામડાના સામાજિક માહોલને ખડએ કરોછે. ધૂળો પોતાની ભૂલથી મૃત્યુ પામ્યો છતાં ગામડાનું લોક જીવીનેજ જવાબદાર ગણી ,એના કલેજાને કોતરી નાખતી ટીકાઓ કરે છે. જીવીએ 'જીવતરનાઝેર' ધરાઈને પીવાં પડે છે. આટલું ઓછું હોય તેમ શહેરથી પાછો ગામમાં અઅવેલો કાનજી જીવીને મળ્યા વિના પાછો શહેર ચાલ્યો જાય છે. જીવીએ ધૂળાને માર્યો નથી, એ નિર્દોષ છે. પરંતુ એ વાત કહે કોને અને માને પણ કોણ. ક્હેવા જવો એક જ માણસ હતો કાનજી.એ પણ મળ્યા વિના પાછો ચાલ્યો ગયો. અંતરની વેદના જીવતરની વ્યથા જીવીને અસહય થઈ પડે છે. અને જીવી પાગલ થઈ જાય છે. એક સમય જે જીવી આજે લઘરવઘર કપડે,જૂ-લીખથી ભરેલ માથે, કોઈ એક પ્રશ્ન આવીને અટકી ગયો

હતો-'મળ્યાય નહિ ?' બીજા વર્ષે પાછો એજ કાર્તિકપૂર્ણિમાનો મેળો આવ્યો, નાગધરામાં નાહીને અલબલા મુકત કરવા હીરા-ભગત કાળી બધા મળીને જીવીને ધરામાં ડૂબકી મરાવવા લઈ આવ્યા. શહેરમાંથી સીધા મેળે આવેલ કાનજી કાળીને વીનવીને જીવીના કાદવમેલાં લૂગડઅં બદલાવીને શહેર લઈ જવા નીકળે છે.ત્યારે આ 'મળેલાજીવ' ને જોઈને નાતજાતની દહાઈ દઈને કાનજીને વારવાનો પ્રયત્ન કરતા હીરાને કાનજીએ છેલ્લે પૂછેલું "તેદ ન કાળી રાતર પાછળ આવી'તી એ કના મૂઢા સામું જોઈને ? પા.નં-૧૭૧ કાનજી તો જીવીનું બાવડું ઝાલી બસમાં જતો રહે છે.પરંતુ ભારે શ્વાસ સાથે ઠરેલ ભગતના મુખમાંથી શબ્દો સરી પડે છે. "વાહ રે માનવી, તારું હૈયું ? એક પા લોહીના કોગળા તો બીજી પા પ્રીતના ધૂટડા ? પા.નં-૨૭૨

આમ 'મળેલાજીવ'નવલકથાનું અખિલ રૂપ-સ્વરૂપ માણ્યા-પ્રમાણ્યા પછી ચૌક્કસ એક સર્વથા સાહજિક સર્જનકૃતિનો અનુભવ થાય છે. વણુ-ભોજા કે સામે-વખતની વાર્તામાં પણ કોઈને કોઈ ચૌકક્સ અર્થ સંદર્ભ જોડાયેલો રહ્યો છે. આ નવલકથાના પ્રણય સંબંધ અને અંત વિશે ઘણી ચર્ચા-ચિંતનો થયા છે. પરંતુ જો પ્રેમની નવલકથા તરીકે આ નવલકથાને જોઈએ તો કહેવાયું છ કે 'પ્રેમને કારણો સાથે કંઈએ સંબંધ નથી.' એટલે કાનજી-જીવીના સંબંધ બાબતે આ કે તે કારણોમાં પડવા જેવું નથી.હા ,એક વાત અવશય કહી શકાય કે "આ કંતિનો પ્રેમસંબંટ અવ્યાખ્યેય રૂપે રજૂ થયો છે. છતાં કશુંક આપણી ગણતરી મુજબનું ગોઠવવા જઈએ તો એમ કહી શકાય કે –પ્રેમનું પ્રથમ પગથિયું આકર્ષણ હોઈ શકે, આકર્ષણ પૂર્ણતાએ પહોંચે ત્યારે પ્રણય બની શકે પરંતુ પ્રેમ આધ્યાત્મિક કક્ષાએ પહોંચે ત્યારે ભકિત રૂપ પામે છે. 'મળેલાજીવ'માં એવું અત્યંત સાહજિક રીતે બનતું રહ્યું છે. આ પ્રણયસંબંધ પન્નાલાલની કલમે નિપજી આવ્યો છે. આમ, આલેખવામાં એની કલમને કૃ િમતા કે અસાહજિકતાનો આધાર લેવો પડયો નથી.

પન્નાલાલ પટેલની પંચાવન નવલકથાઓમાં 'મળેલાજીવ' અત્યંત નોંખી તરી આવતી નવલકથા છે. એનુ અનોખાપણું એની સાહજિક નિપજમાં પડેલું જોવા મળે છે. કદાચ આ નવલકથા કલમથી ઓછી અને હૃદયથી વિશેષ લખાઈ છે. ભાવવાહી રીતે લખાઈ છે. કેટલાકે એને Liyrical Novel ઊર્મિનવલ કહેવા સુધી પ્રેરિત થયા એની પાછળનું કારણ પણ સાહજિક કથન કે અકૃત્રિમ સર્જન જ છે. આ નવલકથાને કવિ વડઝવર્થની કલા વ્યાખ્યા "The spontaneous owerflow of powerful feeling" બંધ બેસતી આવે છે. બાકી 'મળેલાજીવ'નવલકથા પ્રાદેશિક Regional Novel રૂપ પણ કથાવર્ણન અને વાતાવરણમાંથી જ નીપજી આવે છે. પ્રાદેશિક નવલકથાને અનુરૂપ ઐક ચોક્કસ પ્રાદેશિક જનપદ ત્યાંનું લોક ,રીત –રિવાજ ,રહેણી કરણી, કોશ અને કૂવા, ધૂણવું-કૂટવું,હુક્કા અને અફીણના આગ્રહ, માતાજીની માંડવણી બાંધવી, ગાયોને તોરણે ચડાવવી આ બધું નવલકથામાં સાહજિક રીતે વણાઈ ગયું છે. ટૂંકમાં'મળેલાજીવ' નવલકથા એક એવું નિખરી આવેલું શિલ્પ છે. જેના રહસ્ય વિશે ખુદ એના સર્જકને પૂછીએ તો પણ એ નિર્દોષ હસીને કૃતિ જ આપણા હાથમાં પકડાવી દે એવું બને ,આમ પન્નાલાલ પટેલની અત્યંત લોકપ્રતિષ્ઠિત અને યશાદાયી કૃતિઓ બની રહે છે.